Extra No. 11

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII ] SATURDAY JANUARY, 7, 2017/PAUSA 17, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૭મી જાન્યુઆરી, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ-ના તારીખ : ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ-એસએચ-૨૧-૨૦૧૬-એમકેએમ-૧૦-૨૦૦૦-૫૮૩ (૨૫૧૯૧૫)છ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

**Notification**

***Regarding***

**The Chief Officer, Probation Officer and Head Master/ Principal of homes for disabled, Class III (Conditions of service relating to pre-service Training and passing of post-Training Examination) Rules, 2016.**

**ચીફ ઓફિસર, પ્રોબેશન (પરિવીક્ષા) અધિકારી અને વિકલાંગ માટેના ગૃહના મુખ્ય શિક્ષક/ આચાર્ય, વર્ગ-૩ (સેવાને લગતી પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની શરતો બાબત) નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.**

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૬.

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક:જીએચ/એસએચ/૨૧/૨૦૧૬/એમકેએમ/૧૦/૨૦૦૦/૫૮૩(૨૫૧૯૧૫)/છ:-** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ચીફ ઓફિસર, પ્રોબેશન (પરિવીક્ષા) અધિકારી અને વિકલાંગ માટેના ગૃહના મુખ્ય શિક્ષક/આચાર્ય, વર્ગ-૩ની જગા પર સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓની સેવાની શરતોનું, તે જ્યાં સુધી તેમની પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાને લાગુ પડે છે તેટલે સુધી, નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. **ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.-**

(૧) આ નિયમો ચીફ ઓફિસર, પ્રોબેશન (પરિવીક્ષા) અધિકારી અને વિકલાંગ માટેના ગૃહના મુખ્ય શિક્ષક/આચાર્ય, વર્ગ-૩ (સેવાને લગતી પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની શરતો બાબત) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

(૩) તે,સમાજ સુરક્ષા ખાતાના નિયામકની કચેરી, ગુજરાત રાજ્યમાં,ચીફ ઓફિસર, પ્રોબેશન (પરિવીક્ષા) અધિકારી અને વિકલાંગ માટેના ગૃહના મુખ્ય શિક્ષક/આચાર્ય, વર્ગ-૩ની જગા પર સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓ અન્યથા નીચલી જગાથી બઢતી મેળવેલી હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે.

૨. **વ્યાખ્યા.-આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-**

(ક) "પરિશિષ્ટ"એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

(ખ)"કરારગત જગા" એટલે જે જગા પર સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓની કરાર આધારિત નિમણૂક કરવામાં આવી હોય તેવી સમાજ સુરક્ષા ખાતાના નિયામકની કચેરી, ગુજરાત રાજ્યમાં,

ચીફ ઓફિસર, પ્રોબેશન (પરિવીક્ષા) અધિકારી અને વિકલાંગ માટેના ગૃહના મુખ્ય શિક્ષક/આચાર્ય, વર્ગ-૩ની જગા;

(ગ) "મહાનિયામક (ડાયરેક્ટર જનરલ)"એટલે સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા)-ના મહાનિયામક (ડાયરેક્ટર જનરલ);

(ઘ) "સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિ"એટલે સ્પર્ધાત્મક પરીક્ષા મારફત સમાજ સુરક્ષા ખાતાના નિયામકની કચેરી, ગુજરાત રાજ્યમાં, ચીફ ઓફિસર, પ્રોબેશન (પરિવીક્ષા) અધિકારી અને વિકલાંગ માટેના ગૃહના મુખ્ય શિક્ષક/આચાર્ય, વર્ગ-૩ની કરારગત જગા પર નિમાયેલી વ્યક્તિ;

(ચ) "પરીક્ષા" એટલે સમાજ સુરક્ષા ખાતાના નિયામકની કચેરી, ગુજરાત રાજ્યમાં, પરિશિષ્ટ "ક"માં નિર્દિષ્ટ કરેલ જગા પર સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓને પૂર્વ-સેવા તાલીમ આપેલ હોય તેવી સંસ્થાએ યોજેલી તાલીમાંત પરીક્ષા;

(છ) "સંસ્થા (ઇન્સ્ટિટ્યૂટ)" એટલે સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા);

(જ) "નિર્દિષ્ટ તકો"એટલે કોઈ વ્યક્તિએ જેટલી તકોની અંદર પરીક્ષા પાસ કરવી જરૂરી હોય તેટલી આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી તકોની સંખ્યા.

૩. સંસ્થાકીય તાલીમ અને પરીક્ષાની યોજના.-દરેક સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓએ, નીચેની જોગવાઇઓ અનુસાર સંસ્થાકીય તાલીમ, સંસ્થામાં લેવાની રહેશે અને સંસ્થાએ યોજેલ તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

(૧) સંસ્થાકીય તાલીમ,છ અઠવાડિયાની મુદત સુધીની હોવા જોઇશે. સંસ્થા દ્વારા તાલીમ આપવામાં આવશે.

(૨) સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓ, તેમની સંસ્થાકીય તાલીમની મુદત દરમિયાન સંસ્થાના મહાનિયામક (ડાયરેક્ટર જનરલ)ના નિયંત્રણ હેઠળ રહેશે.

(૩) સંસ્થાકીય તાલીમની મુદત પૂરી થયા પછી, સંસ્થાએ પરીક્ષા યોજવી જોઇશે. જેણે સંસ્થાકીય તાલીમ કાર્યક્રમ પૂરો કર્યો હોય તેવી સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓએ પરીક્ષા પાસ કરવાની રહેશે. સંસ્થાકીય તાલીમ પૂરી થયા પછી, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓએ, તેમની પરીક્ષા યોજાય ત્યાં સુધી, તેમની સંબંધિત કચેરીઓમાં કામ કરવાનું રહેશે.

૪. **પરીક્ષા અને અભ્યાસક્રમ.-**

(૧) તાલીમાંત પરીક્ષા ચાર પ્રશ્નપત્રોની રહેશે. દરેક પ્રશ્નપત્ર ૧૦૦ (એક સો) ગુણનું રહેશે. દરેક પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ, પરિશિષ્ટ-ક-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો રહેશે.

(૨) વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નપત્ર-૪ સિવાય, પરીક્ષા બહુવિધ પસંદગી પ્રશ્નો (મલ્ટીચોઇસકવેશ્ચન્સ)ની રહેશે.

(૩) ઉમેદવારને પ્રશ્નપત્રોના જવાબ,પુસ્તકોની મદદથી આપવા દેવામાં આવશે અને પ્રશ્નપત્ર-૪ ના જવાબ, પુસ્તકોની મદદ સિવાય આપવાના રહેશે.

સ્પષ્ટીકરણ.- "પુસ્તકો સાથે" એટલે સરકારે અથવા સંસ્થાએ વખતોવખત મંજૂર કરેલ, વિષયનું અસલ (મૂળ) પુસ્તક અને તેમાં કોઇપણ વિવરણ (ટીપ્પણી) અથવા કેસ લો (પૂર્વ-કાયદા) સિવાયના મૂળ (ફક્ત) અધિનિયમો અને/અથવા નિયમો તેમજ ગુજરાત સરકારે પ્રસિદ્ધ કરેલા અધિનિયમ હેઠળ બહાર પાડેલા નિયમસંગ્રહનો સમાવેશ થશે.

૫. **પરીક્ષા પાસ કરવા માટેની તકો.-**

(૧) સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતઓએ, તેમના પાંચ વર્ષની કરારગત મુદત દરમિયાન અને ત્રણ તકોમાં પરીક્ષા પાસ કરવાની રહેશે:

પરંતુ ત્રણ તકોની અંદર પરીક્ષા પાસ કરવા નિષ્ફળ રહે તેવી અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની વ્યકિતઓને એક વધારાની તક આપવામાં આવશે, જે, તેના તૃતીય તકની પરીક્ષાનું પરિણામ જાહેર થયાની તારીખથી એક વર્ષની મુદતની અંદર લેવી જોઇશે.

(૨) સીધી ભરતીથી નિમાયેલી વ્યકિત, આ નિયમો હેઠળ ફરમાવ્યા પ્રમાણે ઠરાવેલ તકોમાં પરીક્ષા પાસ કરવા નિષ્ફળ જાય, તો તેની સેવા સમાપ્ત કરવામાં આવશે:

પરંતુ આવા કિસ્સામાં, રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે વ્યકિત, પોતાના કાબૂ બહારના કારણોસર ઠરાવેલ તકોની અંદર પરીક્ષા પાસ કરી શકી નથી, તો તે (રાજ્ય સરકાર), કારણોની લેખિતમાં નોંધ કર્યા પછી, સરકાર વખતો વખત નક્કી કરે તેટલી પરીક્ષા ફી ભર્યે, તેને આવી પરીક્ષા પાસ કરવા માટે બે કરતાં વધુ નહિ તેટલી વધારાની તકો આપી શકશે:

વધુમાં, વધારાની તકો લીધા પછી, વ્યકિતએ ઠરાવેલી તકોમાં પરીક્ષા પાસ કરી ન હોય, તો તેની પહેલાં જેમણે નિર્દિષ્ટ તકો અને નિર્દિષ્ટ સમયની અંદર તેવી પરીક્ષા પાસ કરી હોય એવી વ્યકિતઓ ઉપર, તે(વ્યકિત), સિનિયોરીટી માંગવાને હકદાર થશે નહિ.

(૩) ઉપર પેટા-નિયમ (૧) અને પેટા-નિયમ (૨)માં જણાવેલા સંજોગોમાં, પરીક્ષા સમયસર યોજવામાં આવી ન હોય અથવા સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતઓની કરારગત મુદત પૂરી થાય તે પહેલાં તેનું પરિણામ જાહેર થઇ શક્યું ન હોય તો, તેની કરારગત મુદત, તેની છેલ્લી તકની પરીક્ષાનું પરિણામ જાહેર થાય ત્યાં સુધી લંબાવેલી હોવાનું ગણાશે.

(૪) પરીક્ષામાં ઉપસ્થિત નહિ થવાની બાબત, એક તક તરીકે ગણાશે.

૬. **પરિણામની પ્રસિદ્ધિ.**–મહાનિયામક (ડાયરેક્ટર જનરલ)–એ પરીક્ષાના પરિણામ જાહેર કરવા જોઇશે અને તે (પરિણામ) સરકારને મોકલવા જોઇશે. સરકારે તેને રાજપત્રમાં પ્રસિદ્ધ કરવા જોઇશે.

૭. **પરીક્ષા પાસ કરવા માટેનું લાયકી ધોરણ.**–

(૧) પરીક્ષા પાસ કરવા માટેનું ધોરણ, દરેક પ્રશ્નપત્રને ફાળવેલા કુલ ગુણના પચાસ ટકા (૫૦%) ગુણનું રહેશે.

(૨) કોઈ એક અથવા તેથી વધુ પ્રશ્નપત્રોમાં સાઠ ટકા અથવા તેનાથી વધુ ગુણ મેળવે તેવા અસફળ ઉમેદવારને, ત્યાર પછીની પરીક્ષામાં તે પ્રશ્નપત્ર અથવા તે પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત રહેવામાંથી મુક્તિ આપવામાં આવશે.

(૩) સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓ, સંસ્થાકીય તાલીમમાં હાજર રહેવા અને પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે, તેમણે કરેલી મુસાફરી માટે કોઇ મુસાફરી ભથ્થાં મેળવવાને હકદાર થશે નહિ.

૮. **પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની પાત્રતા.**–

(૧) પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે લાયક થવા માટે, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિએ, સંસ્થાકીય તાલીમમાં વ્યાખ્યાનોની કુલ સંખ્યાના ઓછામાં ઓછા ૮૫% વ્યાખ્યાનોમાં હાજર રહેવાનું જરૂરી રહેશે, અન્યથા તેઓ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે ગેરલાયક ઠરશે અને તેમની કરારગત નિમણૂક સમાપ્ત થવાને જવાબદાર ઠરશે.

(૨) સંસ્થાકીય તાલીમની મુદત દરમિયાન, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓને, કોઇપણ પ્રકારની રજા અથવા ત્રણ દિવસ કરતાં વધુ દિવસની રજા અથવા ગેરહાજરીની છૂટ આપવામાં આવશે નહિ. સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓ, ત્રણ દિવસ કરતાં વધુ દિવસ માટે ગેરહાજર રહે અને મહાનિયામકને ખાતરી થાય કે તેની ગેરહાજરી, તેના કાબૂ બહારના કોઇ અનિવાર્ય સંજોગોને કારણે નહતી, તો તેઓ, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓનીની ગેરહાજરીના દિવસોના તેના પગારની કપાત કરવાનો આદેશ કરી શકશે.

૯. **સંસ્થાકીય તાલીમ માટે પુસ્તકો.**–સંસ્થાએ, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓને, સંસ્થામાં તેમની સંસ્થાકીય તાલીમ દરમિયાન, કોઇપણ અનામત જામીનગીરી મેળવ્યા વિના, સંસ્થાકીય તાલીમ અને પરીક્ષા માટેના પુસ્તકો પૂરા પાડવા જોઇશે. સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓએ, પરીક્ષા પૂરી થાય કે તરત જ પુસ્તકો પરત કરવાના રહેશે. પુસ્તકો ખોવાઇ ગયાના અથવા તેને નુક્સાન થવાના કિસ્સામાં, સંસ્થાએ, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓ પાસેથી પુસ્તકોની કિંમત વસૂલ કરવી જોઇશે.

**૧૦. પરીક્ષા ખંડમાં અમુક સાધનોનો ઉપયોગ કરવા પર મનાઈ.**-કોઈપણ સીધી ભરતીથી નિમાયેલ વ્યક્તિને, પેજર, સેલ્યુલર ફોન, લેપ-ટોપ, આઈ-પેડ, કેલ્ક્યુલેટર વગેરે જેવા બીજા કોઈ વીજાણુ (ઈલેક્ટ્રોનિક) સંદેશાવ્યવહારના સાધનો, પરીક્ષા ખંડમાં પોતાની સાથે લઈ જવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

**૧૧. સુરક્ષા અને જામીનખત.**-

(૧) સીધી ભરતીથી નિમાયેલી દરેક વ્યક્તિએ, પરિશિષ્ટ-ખમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના નમૂનામાં બોન્ડ ભરવાનો રહેશે.

(૨) પરીક્ષા પાસ કર્યા પછી, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિએ,સમાજ સુરક્ષા ખાતાના નિયામકની કચેરી, ગુજરાત રાજ્યમાં,ચીફ ઓફિસર, પ્રોબેશન (પરિવીક્ષા) અધિકારી અને વિકલાંગ માટેના ગૃહના મુખ્ય શિક્ષક/આચાર્ય, વર્ગ-૩ની જગા પર કામ કરવાનું રહેશે.

**૧૨. પ્રકીર્ણ જોગવાઈઓ.**-પ્રવર્તમાન સંજોગો અનુસાર,મહાનિયામક (ડાયરેક્ટર જનરલ) પરીક્ષાનું તાલીમ સમયપત્રક બદલી શકશે અથવા તેમાં ફેરફાર કરી શકશે.

**પરિશિષ્ટ-ક**

(જુઓ નિયમ ૪(૧))

અપંગ માટેના ગૃહોના, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓ, ચીફ ઓફિસર, પ્રોબેશન (પરિવીક્ષા) અધિકારી અને મુખ્ય શિક્ષક/આચાર્ય, વર્ગ-૩ માટે સંસ્થાગત તાલીમ અને તાલીમાંત પરીક્ષા માટેનો અભ્યાસક્રમ.

પ્રશ્નપત્ર ૧ : કચેરી કાર્યપદ્ધતિ

કુલ-૧૦૦ ગુણ, સમય ૨ કલાક, ( પુસ્તકો સાથે)

(૧) સચિવાયલના વિભાગમાંની કચેરી કાર્યપદ્ધતિ.

(૨) વિભાગોના વડાની કચેરીઓ અને તેઓના વહીવટી નિયંત્રણ હેઠળની કચેરીઓમાંની કચેરી કાર્યપદ્ધતિ.

(૩) સચિવાયલના વિભાગોની અને વિભાગોના વડાની કચેરીઓ અને તેઓના વહીવટી નિયંત્રણ હેઠળની કચેરીઓના વહીવટી માળખા અંગેની અને સામાન્ય માહિતી.(પંચાયતો સહિત)

(૪) રજૂઆતની રાહ.

પ્રશ્નપત્ર ૨: સામાન્ય વહીવટી જ્ઞાન (સામાન્ય વિચાર)

કુલ-૧૦૦ ગુણ, સમય ૨ કલાક, ( પુસ્તકો સાથે)

(૧) ગુજરાત મુલકી સેવા નિયમો, ૨૦૦૨ (વોલ્યુમ ૧ થી ૮).

(૨) ગુજરાત બજેટ મેન્યુઅલ.

(૩) ગુજરાત નાણાકીય નિયમો.

(૪) મુંબઈ આકસ્મિક ખર્ચ નિયમો, ૧૯૫૯.

(૫) ગુજરાત તિજોરી નિયમો, ૨૦૦૦.

પ્રશ્નપત્ર ૩:સેવા વિષયક બાબત

કુલ-૧૦૦ ગુણ, સમય ૨ કલાક, ( પુસ્તકો સાથે)

(૧) માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫.

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭.

(૩) ખાનગી અહેવાલ નિયમો અને માર્ગદર્શિકા.

(૪) રોસ્ટર નિયમ સંગ્રહ (કેવી રીતે રોસ્ટર રજિસ્ટર તૈયાર કરવા, નિભાવવા અને રોસ્ટર પોઇન્ટની ફાળવણી કરવી).

(૫) ગુજરાત મુલકી સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧ (સામાન્ય વિચાર).

(૬) ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧.

પ્રશ્નપત્ર ૪: અંગ્રેજી અને ગુજરાતી ભાષા

કુલ-૧૦૦ ગુણ, સમય ૩ કલાક, (પુસ્તકો વિના)

| | | |
|---|---|---|
| (૧) | જાહેર જનતા અને બીજી એજન્સીઓ સાથે નોંધ અને મુસદ્દાના ચોક્કસ સંદર્ભમાં પરિચ્છેદ ફરી લખવો. | ૨૦ ગુણ |
| (૨) | અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર. | ૧૦ ગુણ |
| (૩) | ગુજરાતીમાંથી અંગ્રેજીમાં ભાષાંતર. | ૧૦ ગુણ |
| (૪) | ગુજરાતી વ્યાકરણ. | ૧૦ ગુણ |
| (૫) | અંગ્રેજી વ્યાકરણ. | ૧૦ ગુણ |
| (૬) | સરકારી પત્રવ્યવહાર,વિવિધ પ્રકારના પત્રો અને તેમની વચ્ચેનો તફાવત. સરકારી પત્રો-ડીઓલેટર્સ (અર્ધ-સરકારી પત્રો)વગેરે. | ૨૦ ગુણ |
| (૭) | ગુજરાતી અને અંગ્રેજી વહીવટી શબ્દભંડોળ અને તેનો ઉપયોગ. | ૨૦ ગુણ |

**પરિશિષ્ટ – ખ**

(જુઓ નિયમ ૧૧ (૧))

જામીનખત

આ ખતથી સર્વે લોકોને જાણ થાય કે હું.........................................................................વિભાગના તારીખ:..........................ના સરકારી જાહેરનામા ક્રમાંક............................માં જણાવેલા નિયમો (જેનો આમાં હવે પછી "નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) અનુસાર ..........................ની જગા પર કરાર આધારિત નિમણૂક માટે પસંદ થયેલો ઉમેદવાર, ગુજરાત રાજયની સરકારની વહીવટી સત્તાનો ઉપયોગ કરતા ગુજરાતના રાજયપાલ (જેનો આમાં હવે પછી "સરકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે, જે શબ્દપ્રયોગમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો એમના પદના ઉત્તરાધિકારીઓ અને નામ ફેર કરનારાઓનો સમાવેશ થાય છે) સાથે, મારી તાલીમ દરમિયાન સરકારે મને ચૂકવેલ પગાર અને ભથ્થાંની રકમ ઉપરાંત મારી તાલીમ માટે સરકારે

ખર્ચ કરેલ હોવાથી અને તે સરકારને ચુકવવાનું થતું હોવાથી, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ–એ મને આપેલી તાલીમના ખર્ચ પેટે સરકારે વખતોવખત ઠરાવેલી રકમ જેટલી રકમ સરકારને ચૂકવવા માટે જવાબદાર બનું છું તથા દ્રઢતાપૂર્વક બંધાઉ છું અને આ ચુકવણી બરાબર અને સાચી રીતે કરવામાં આવે તે માટે આ ખત અન્વયે હું પોતે, મારા વારસો, એક્ઝિક્યુટરો, વહીવટદારો અને કાયદેસરના પ્રતિનિધિઓ બંધાઇએ છીએ. ............................................ મારી (ક) સંસ્થાકીય તાલીમ પૂરી કરવામાં નિષ્ફળતા, અથવા (ખ)તાલીમાંત પરીક્ષામાં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળતા, અથવા (ગ) કરાર આધારિત નિમણૂકના નિયમોની કોઇ જોગવાઇઓનું પાલન, સરકારને સંતોષ થાય તે રીતે ના કર્યેથી અથવા (ઘ) તે રીતે કરવામાં આવેલી મારી નિયમિત નિમણૂકની તારીખથી૩ વર્ષની મુદત પૂરી થતાં પહેલાં નોકરી છોડવાના પ્રસંગે, મારે તાલીમ દરમિયાન મેં લીધેલા પગાર અને રાબેતા મુજબના ભથ્થાં જેટલી રકમ સરકારને પરત કરવા અંગેનું જામીનખત, નિયમો હેઠળ કરી આપવાનું રહે છે. હવે, ઉપર જણાવેલા ખતની શરત એવી છે કે હું મારા પક્ષે પાલન કરવાના અને બજાવવાના અને (આ ખતના એક ભાગરૂપ ગણવામાં આવેલા) સદરહુ નિયમોમાં જણાવેલ નિયત કરાર અને શરતનું યથાર્થ રીતે અને નિષ્ઠાપૂર્વક પાલન કરીશ તથા બજાવીશ, તો ઉપર લખેલું ખત રદ થશે, અન્યથા તે સંપૂર્ણપણે અમલી અને અસરકર્તા રહેશે:

પરંતુ અન્ય હક અથવા ઉપાયોને બાધ આવ્યા સિવાય, આ ખત હેઠળ ચૂકવવાની રકમ, જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવાની સરકારને છૂટ રહેશે.

આની સાક્ષી રૂપે મેં આજે સન ૨૦...........ના ......................મહિનાની........................... તારીખના રોજ આ ખત ઉપર સહી કરી છે.

ઉમેદવારની સહી.

(આખું નામ અને પૂરેપૂરું સરનામું)

ઉપરનું નામ ધરાવનારે નીચેનાની હાજરીમાં સહી કરી અને સોપ્યું:–

૧.સહી અને પૂરેપૂરું સરનામું.

૨.સહી અને પૂરેપૂરું સરનામું.

જામીનગીરી

અમે

શ્રી..............................................................અને..............................રહેવાસી....

તાલુકો......................... જિલ્લો....... ...... ...... ...... ........................., તે ઉપરના નામવાળા

શ્રી....................................................ના (જેનો આમાં હવે પછી, "ઉમેદવાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેમના) જામીનો તરીકે અમારી જાતને જાહેર કરી બાંયધરી આપીએ છીએ કે ઉમેદવારે જે કરવા અને બજાવવાની બાંયધરી આપી છે તે તમામ તે કરશે અને બજાવશે અને તેની (૧) સંસ્થાકીય તાલીમ પૂરી કરવામાં નિષ્ફળતા, અથવા (૨) સરકારને સંતોષ થાય, તે રીતે તાલીમાંત પરીક્ષા, જો કોઇ હોય, તો તેમાં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળતા, અથવા (૩) સરકારને સંતોષ થાય તે રીતે કરાર આધારિત નિમણૂકની કોઇ જોગવાઇનું પાલન ન કર્યેથી અથવા (૪) તેની નિયમિત નિમણૂકની તારીખથી ૩ વર્ષની મુદત પૂર્ણ થતાં પહેલાં નોકરી છોડવાના પ્રસંગે, તેની તાલીમ દરમિયાન સરકારે તેને ચૂકવેલા પગાર અને ભથ્થાં જેટલી રકમ ઉપરાંત તેની તાલીમ માટે સરકારે ખર્ચ કરેલ હોવાથી, તાલીમ સંસ્થાએ તેને આપેલ તાલીમના ખર્ચ પેટે સરકારે વખતોવખત ઠરાવેલી ખર્ચની જે રકમ માટે ઉમેદવાર જાતે ભરપાઇ કરવા બંધાયેલો હોય તે રકમ, ગુજરાત રાજયની સરકારની વહીવટી સત્તાનો ઉપયોગ કરતાં ગુજરાતના રાજયપાલને (જેનો આમાં હવે પછી, "સરકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેમને) ખાતે જમા થવા દેવા અમે, આથી, સંયુકત અને વ્યકિતગત રીતે બંધાઇએ છીએ અને અમે કબૂલ થઇએ છીએ કે સરકાર, પોતાને પ્રાપ્ય અન્ય હકો અને ઉપાયોને બાધ આવ્યા સિવાય સદરહુ રકમ, જમીન મહેસૂલની બાકી તરીકે અમારી પાસેથી વસૂલ કરી શકશે અને વધુમાં અમે કબૂલ થઇએ છીએ કે સદરહુ નિયમોમાં નિર્દિષ્ટ કરેલ બોલીઓ અને શરતોમાં કોઇ ફેરફાર થયે, સદરહુ રકમ ચૂકવવાની અમારી જવાબદારીઓમાંથી અમે મુકત થઇશું નહિ અને આ ખત હેઠળની અમારી જવાબદારીના અમલના હેતુ માટે, અમારી જવાબદારી ઉમેદવારની જવાબદારી સાથે સંયુકત અને વ્યકિતગત રહેશે.

ઉપરના નામવાળા જામીને સન ૨૦.......ના ...........મહિનાની ................તારીખે સહી કરી અને સોપ્યું.

| | |
|---|---|
| તારીખ: | જામીનની સહી. |
| સ્થળ: | પૂરેપૂરું સરનામું અને ધંધો. |
| તારીખ: | જામીનની સહી. |
| સ્થળ: | પૂરેપૂરું સરનામું અને ધંધો. |

નીચેનાની હાજરીમાં:
સાક્ષીની સહી,
પૂરેપૂરું સરનામું અને ધંધો:

સાક્ષીની સહી,
પૂરેપૂરું સરનામું અને ધંધો:

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**મહેન્દ્ર ચૌહાણ,**
સરકારના ઉપસચિવ.

-----------------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.